મલબાર હિલને રહેવા માટે
ઉત્તમ સ્થળ બનાવવાનું
અમે સપનું જોયું છે.
ભાજપ સરકારની આગેવાનીમાં
અમે તે સચ્ચાઇમાં ફેરવવા
વચનબદ્ધ છીએ.

*– મંગલ પ્રભાત લોઢા*

બોલતા નહીં, કરતા હું

Vote for BJP
on Wednesday, 15th Oct.



શ્રી મંગલ પ્રભાત લોઢા પોતાના પ્રેરણાસ્ત્રોત શ્રી નરેંદ્રભાઇ મોદી સાથે.

## તમારા વિધાનસભ્ય

મંગલ પ્રભાત લોઢા આસામ હાઇ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સ્વ. જસ્ટિસ ગુમાનમલ લોઢાના પુત્ર છે. જસ્ટિસ લોઢા એનીમલ વેલફેર બોર્ડના ચેઅરમેન હતા અને રાજસ્થાનના પાલીથી ત્રણ વખત સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. મંગલ પ્રભાત લોઢા બાળપનથી જ આરએસએસ સાથે સંકળાયેલા રહ્યા હતા ને આર્થિક રીતે સ્વર્ણિમ અને આંતરિક રીતે સંરક્ષિત રાષ્ટ્ર નિર્માણ કરવાની તેમની ઊંડી લગની પહેલથી જ રહી છે. તેમણે રાજસ્થાનના જોધપુરથી બી.કોમ., અને એલએલ.બી. પૂર્ણ કરીને રાજસ્થાન હાઇકોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેમના પિતા રાજસ્થાન હાઇકોર્ટના જજ બન્યા, તેમણે હિતોનો સંઘર્ષ ટાળવા માટે વકાલત છોડી દીધી હતી અને ૧૯૮૦ માં મુંબઇ આવી ગયા હતા. અહીં તેમણે અત્યંત મર્યાદિત નાણાકીય સંસાધનો સાથે શરૂઆત કરી હતી અને સખત જહેમતના બળ ઉપર તેમનો પોતાનો વેપાર ઊભોકર્યો હતો. ૨૦૦૫ થી તેમના સંતાન હવે વેપાર ચલાવે છે, જ્યારે પોતે રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં પોતાનો મોટા ભાગનો સમય આપે છે. તમારા એમએલએ ઉપરાંત મંગલ પ્રભાત લોઢા મહારાષ્ટ્ર ભાજપના ઉપાધ્યક્ષ, ઓલ ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (એઆયબીસી)ના ચેરમેન અને શહીદ ગૌરવ સમિતિના કન્વીનર પણ છે.

# ભાજપના શાસન હેઠળ દેશ પ્રગતિને પંથે આગેકૂચ કરી રહ્યો છે, તો મહારાષ્ટ્ર પાછળ શા માટે રહી જવું જોઇએ ?

વર્ષોથી મુંબઇને કમાઉ ગાય તરીકે જોવાય છે. મુંબઇ એ ફક્ત ટેક્સ ચૂકવ્યા કરવાના અને મુંબઇના વિકાસની અને મુંબઇવાસીઓની આકાંક્ષાઓની વાત આવે તારે તેને ભૂલી જવાય છે. આપણા રાજ્યમાં જે રાજકીય પક્ષોએ રાજ કર્યું, પરંતૂ  મુંબઇના વિકાસ પર ધ્યાન આપ્યું નહીં અને તેઓ ભ્રષ્ટાચાર અને ઠાલાં આશ્વાસનો સિવાય કશું જ આપી શક્યા નથી. બીજી બાજુ શ્રી નરેંદ્રભાઇ મોદીની આગેવાનીમાં કેન્દ્રમાં સરકાર આવી તેના ટૂંક સમયમાં જ નિર્ણયાત્મક અને વિકાસ અભિમુખ સરકાર શું હાંસલ કરી છે તે સૌની સામે છે. આને ધ્યાનમાં રાખતાં આ વખતે મહારાષ્ટ્રમાં ભાજપની સત્તા લાવવાની અને મુંબઇને નરેંદ્રભાઇની આગેવાનીમાં ફરી મહાન બનાવવાની સુવર્ણ તક સામે ચાલીને આવી છે.

મલબાર હિલની અમે પ્રગતિ માટે કોંગ્રેસ સરકાર અને બીએમસી સામે વર્ષોથી લડતા રહ્યા છીએ. આ વિસ્તારમાં પ્રગતિ માટે ઘણું બધું કર્યું છે. તેમ છતાં ઘણું બધુ કરવાનું બાકી છે. જો મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર આવે તો મુંબઇ અને દિલ્હીમાં ભાજપ સરકાર સાથે મળીને આ વિસ્તારનો વિકાસ કરી શકે છે. તમારાં સૂચનોને આધારે અમે મલબાર હિલને રહેવાનું ઉત્તમ સ્થળ બનાવવા માટે ૭ મુદ્દાની કાર્ય યોજના તૈયાર કરી છે.

આ કૃતિ યોજનાની અમલ બજાવણી કરવામાં તમે સતત ટેકો આપશો એવી આશા છે. દેખીતી રીતે જ મલબાર હિલને વિશ્વ કક્ષાના પાડોશમાં ફેરવવા માટે અમારા એજેન્ડાનો આ પ્રથમ ભાગ છે. તમે પણ આ દિશામાં તમારા વિચારો જણાવશો એવી ઉત્સુકતા છે. તમારા વિચારો મારી સાથે અહીં રજૂ કરશો: /MP Lodha  અથવા @MPLodha

**ભાજપના શાસનમાં મલબાર હિલની પ્રગતિ કરવાની અમારી દીર્ઘદૃષ્ટિ જોવા સ્કેન કરો.**



**મંગલ પ્રભાત લોઢા**

# 1 વેપાર અને નોકરીની તકો બહેતર બનાવવી

બેફામ ટેક્સ, લાઇસન્સ રાજ, એલબીટી અને ઓક્ટ્રોયને લીધે મુંબઇમાં વેપારધંધાની કેડ ભાંગી ગઇ છે. આથી નોકરીઓ નિર્માણ થવાનું પણ બંધ થઇ ગયું છે.

**તાકીદનું નિયોજન:**

એ. ઓક્ટ્રોય નાબૂદી અને એલબીટી જેવા નવા ટેક્સ નહીં.

બી. જીએસટી સાથે એક મુદ્દાનું કર શાસન લાવીને અન્ય સર્વ સ્વરૂપના કરો કાઢી નાખવા.

સી. ગત સર્વ ટેક્સ માટે એકસામટી અભયયોજના, જેથી વેપારી સરકારી પગલાંની ડર રાખ્યા વિના આગળ વધી શકે.

ડી. કુશળ પ્રતિભા નિર્માણ કરવા વોકેશનલ તાલીમ માટે સમર્પિત ભંડોળ આપવું.

ઇ. આપણા સ્નાતક વિદ્યાર્થીઓને સારી નોકરી મળે તેવી તેમની ક્ષમતા સુધારવા માટે શાળા અને કોલેજના અભ્યાસક્રમના ભાગરૂપે કુશળતા નિર્માણ કરવા માટે શિક્ષણ વિભાગ સાથે અમે કામ કરીશું.

એફ. સરકારી વિભાગોનું ઇન્સ્પેક્ટર રાજ બંધ કરવાની ખાતરી રાખીને વેપાર કરવા માટેનો ખર્ચ ઓછો કરવો.



આપનો બહુમૂલ્ય મત ભાજપને જ આપશોજી

3 | Mangal Prabhat Lodha

# 2 રસ્તાઓ અને ટ્રાફિકમાં સુધારણા

આખા મુંબઇનો ટ્રાફિક મલબાર હિલ વિભાગમાંથી પસાર થાય છે, જેને લીધે આ વિસ્તારમાં રસ્તાઓ પર વાહનોની ગિચતા થાય છે અને પર્યાવરણ પ્રદૂષિત થાય છે.

**તાકીદનું નિયોજન:**

એ. વરલીથી નરીમન પોઇન્ટ સુધી દરિયાઇ માર્ગ પૂર્ણ કરવો અને તેને ઇસ્ટર્ન ફ્રીવે સાથે જોડાવો, જેથી રિંગ રોડ ઊભો થઇને મલબાર હિલમાં ટ્રાફિક ગીચતા ઓછી થશે.

બી. હાલમાં મંજૂર હેન્ગિંગ ગાર્ડનથી બેન્ડ સ્ટેન્ડ ચોપાટી સુધીનો સિરી રોડ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવો.

સી. ટ્રાફિક ગીચતા ઓછી કરવા માટે હાજી અલી સર્કલ ખાતે ફલાયઓવર.

ડી. બાણગંગા ખાતે રોકી હિલ રોડ ખુલ્લો અને પહોળો કરવો.

ઇ. હેન્ગિંગ ગાર્ડનથી કેમ્પ્સ કોર્નર સુધી રસ્તો પહોળો કરવો અને બેમાર્ગી ટ્રાફિક માટે ફિઝિબિલિટીનો વિચાર.

એફ. કમલા નેહરૂ પાર્ક અને હેંગિંગ ગાર્ડન વચ્ચે પાદચારી પુલ

જી. નિવાસીઓને પાર્કિંગ માટે વધુ જગ્યા મળે તેથી જાહેર રસ્તાઓ પર કમર્શિયલ વાહનો અને બસો માટે નો પાર્કિંગ.



એચ. ડી-વોર્ડ (નાના ચૌક), આરટીઓ કમ્પાઉન્ડ (તારદેવ) અને રાજ ભાવન નજીક સાહિતનાં વિવિધ સ્થળો ખાતે નવા પાર્કિંગ લોટ ઉભા કરવા.

આપનો બહુમૂલ્ય મત ભાજપને જ આપશોજી

| 3 | Mangal Prabhat Lodha |
|---|---|

# 3 શાળાઓમાં ૧૦,૦૦૦ નવી બેઠકો ઊભી કરવી

મલબાર હિલમાં ઘણી બધી શાળાઓ તોતિંગ ફી સાથે આઇબી (અથવા સમકક્ષ) માં ફેરવી દેવાઇ છે. આને કારણે વાજવી ફી સાથેની સારી શાળામાં સંતાનનું એડમિશન લેવાનું વાલીઓ માટે બહુ જ મુશ્કેલ બની ગયું છે.

**તાકીદનું નિયોજન :**

એ. આઇસીએસઇ અને એસએસસી માધ્યમમાં પરિવર્તિત કરવા માટે ૫ વર્ષોથી બંધ પડેલી અને ન ચાલતી શાળાઓને મુકરર કરવામાં આવી છે. જેનાથી આપણા વિસ્તારમાં વાજવી ફીની ૧૦,૦૦૦ નવી બેઠકો ઊભી થશે. આ ઓળખવામાં આવેલી શાળાઓમાં શારદા મંદિર સ્કુલ (ગામદેવી), જનતા નગર સ્કૂલ (તારદેવ) અને જગન્નાથ શંકરશેઠ સ્કૂલ (નાના ચોક)નો સમાવેશ થાય છે.

બી. આ શાળાઓમાં ૧૫ મિનિટના ડ્રાઇવિંગ અંતરે રહેતા નિવાસીઓને પ્રાધાન્ય અપાશે.

સી. વર્તમાન શાળાઓને કોઇ પણ અન્ય ઉપયોગમાં પરિવર્તિત પ્રતિબંધિત કરતો કાયદો લાવવાં આવશે.



આપનો બહુમૂલ્ય મત ભાજપને જ આપશોજી

3 | Mangal Prabhat Lodha

# 4 મલબાર હિલને સુરક્ષિત અને સંરક્ષિત બનાવવું.

મલબાર હિલ અને શહેરના અન્ય ભાગોમાં પણ ઘરનોકરો દ્વારા ચોરી અને હિંસાના કિસ્સા છાશવારે બને છે. ઉપરાંત બળાત્કારની ઘટનાઓ, રોડ રેજ અને અન્ય ગુનાઓ પણ વધ્યા છે.

**તાકીદનું નિયોજન:**

એ. આધુનિક એલઇડી લાઇટસનો ઉપયોગ કરીને જાહેર જગ્યાઓ અને ગલીઓમાં બહેતર લાઇટિંગ (સિલ્વર ઓક્સ લેન, બ્રીચ કેન્ડી ખાતે પાઇલટ પ્રોજેક્ટ પૂરો કરાયો છે).

બી. મુખ્ય જાહેર જગ્યાઓમાં સીસીટીવી રખાશે, જેની પર પોલીસ સ્ટેશનોમાંથી સીધી દેખરેખ રખાશે.

સી. ઘરનોકરોની વિશ્વાસનિયતાની તપાસ અને સોસાયટી સાથે એકતાથી કામ કરવાનું ફરજિયાત બનાવશે.

ડી. ૨૪X૭ ઇમરજન્સી હેલ્પલાઇન નંબર, જેની પર પોલીસ અને ખાનગી એજન્સી દેખરેખ રાખશે.

ઇ. અમારા વિસ્તારમાં પાઇપલાઇન ગેસની સુનિશ્ચિતતા કરવામાં આવશે જેથી મોંટ બ્લેંકના ફાયર જેવી ઘટનાઓઅને રિસ્કી ગેસ સિલેંડરોનો ઉપયોગ બંધ થશે.

એફ. સરકારી વિભાગો સાથે તાલમેલ વધારવા માટે સોસાયટીના પ્રબંધના નિષ્ણાત લોકો, સુરક્ષા અને અન્ય એજેંસિયોં સાથે અમારા વિસ્તારમાં દર અઠવાડિયે વિશેષ હેલ્પલાઇન કાર્યક્રમ યોજાશે અને કન્વેયેન્સમાં સહાય કરવામાં આવશે.



જી. વરિષ્ઠ નાગરિકોનાં હિતો માટે નવી નિતિ બનાવવામાં આવશે.

આપનો બહુમૂલ્ય મત ભાજપને જ આપશોજી

3 | Mangal Prabhat Lodha

# 5 પર્યાવરણનું સંવર્ધન અને બહેતરી

ભારે ટ્રાફિક, અસંવેદનશીલ વિકાસ અને અન્ય મુદ્દાઓને લીધે પર્યાવરણ પર ગંભીર અસર પહોંચી છે.

**તાકીદનું નિયોજન:**

એ. મુખ્ય જંકશનો પર એર-ક્વાલિટી મોનિટર્સની ગોઠવણી અને નિવાસીઓને માહિતી ઉપલબ્ધ કરવી.

બી. સૌર-શક્તિની સ્ટ્રીટલાઇટસની ગોઠવણી.

સી. કોમન એરિયામાં પ્રકાશ તેમજ પાણી ગરમ કરવા માટે મકાનો દ્વારા સૌર ઊર્જાનો ઉપયોગ કરવા માટે સબસિડી.

ડી. રેઇન-વોટર હાર્વેસ્ટિંગ અને એએલએમ સાથે પુન:ઉપયોગિતાની પહેલ.

ઇ. સમૂહ વૃક્ષારોપણ.

એફ. અગાઉ જણાવ્યા મુજબ ટ્રાફિક ઓછો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાતાં એર ક્વોલિટીમાં સુધારણા થશે.



આપનો બહુમૂલ્ય મત ભાજપને જ આપશોજી

3 | Mangal Prabhat Lodha

# 6 ભાડૂતી મકાનોનો સમયસર પુન:વિકાસ અને સોસાયટીઓ માટે વધારાની એફએસઆઇ

મકાનોના પુનઃવિકાસ હાલમાં અત્યંત ધીમી ગતિએ ચાલે છે અને પ્રક્રિયા દરમિયાન નિવાસીઓ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. જૂનાં મકાનોની (૩૦ વર્ષથી વધુ) કથળેલી સ્થિતિ અને વધારાની એફએસઆઇ (પરાંમાં ટીડીઆરને મંજૂરી મળતાં પુનઃવિકાસ ઝડપી બન્યો છે તે છતાં) મારફત સરકારનો ટેકો નહીં મળતાં નિવાસીઆ ઘણા બધા પડકારોનો સામનો કરી રહ્યાં છે.

**તાકીદનું નિયોજન:**

એ. નિવાસીઓ દ્વારા મંજૂરી મૂજબ સંમતિનાં ૫ વર્ષમાં સર્વ પુનઃવિકાસ પ્રોજેક્ટો પૂર્ણ કરવા માટે ડીસીઆર ૩૩(૭) અને ૩૩(૯) માં ફેરફાર ફરજિયાત બનાવવો. જો પ્રોજેક્ટ નિર્ધારિત સમયમાં પૂર્ણ નહીં કરાય તો ડેવલપર પર ભારે પેનલ્ટી લાગુ કરાશે. પુનઃવિકાસ ના પ્રસ્તાવ ૯૦ દિવસમાં પાસ કરાશે.

બી. જૂની સોસાયટીઓ અને મકાનો (૩૦ વર્ષથી વધુ જૂનાં)ને ૨.૫ અથવા વધુની એફએસઆય પુનઃવિકાસ ફીઝિબલ બનાવવા માટે અપાશે.

સી. જૂનાં મકાનોના સમારકામ માટે સરકારી યોગદાન ૫૦ વર્ષ જૂનાં મકાનો માટે ૨૫ ટકા અને ૭૫ વર્ષ જૂનાં મકાનો માટે ૫૦ ટકા વધારાશે.

ડી. નાનાં પ્લોટોના પુનઃવિકાસમાં ઓપન સ્પેસમાં છૂટ.

ઇ. જૂની ચાલીઓમાં અટેચ ટૉયલેટ બનાવવા માટે સરકાર તરફથી વધુ એફએસઆઇનો પ્રસ્તાવ.



એફ. ભાડૂત અને ડેવલપર વચ્ચે સરકાર દ્વારા પ્રામાણિક કરાર કરાશે, જેથી ભાડૂત મૈત્રીપૂર્ણ પુનઃવિકાસનો માર્ગ મોકળો બને.

જી. મ્હાડાના અધિકારીઓ અને કાનૂની વિભાગના વકીલો માસિક ધોરણે ફરિયાદ નિવારણ માટે મલબાર હિલમાં ઉપલબ્ધ કરાશે.

એચ.પારસી અગિયારિયોના સંરક્ષણ અને અમારા વિસ્તારની ઇમારતોના વિકાસ નો માર્ગ મોકળો કરવા માટે આરટીઓ (તાડદેવ) થી વિલ્સન કોલેઝ સુધીના પ્રસ્તાવિત રોડ વાઇડનિંગના પ્લાનમાં તેમની ચૌડાઇ ઓછી કરવામાં આવશે.

# 7 નાગરિકોની સંડોવણી સાથે ખુલ્લી જગ્યાઓની વિશ્વ કક્ષાની માવજત

આપણા વિસ્તારમાં ખુલ્લી જગ્યાઓ વિવિધ રાજકારણીઓના નિયંત્રણમાં છે. થોડાં વર્ષ પૂર્વે તેઓ રેસકોર્સમાં પણ બાંધકામ કરવા માગતા હતા. જોકે જાહેર સ્થળોની સુરક્ષા થાય એ બાબતે હું અત્યંત હિમાયતી છું.

**તાકીદનું નિયોજન:**

એ. ખુલ્લી જગ્યાઓ ના વિકાસ માટે વિશેષ સરકારી ફંડ નો પ્રાવધાન.

બી. એક કુટુંબની જોહુકમી હેઠળ અમે ખુલ્લી જગ્યાઓ પર કોઇનું નિયંત્રણ ચલાવી નહીં લઇએ. સર્વ ખુલ્લી જગ્યાની માવજત માટે તે જગ્યાના ૧૦ મિનિટના અંતરમાં રહેતા કમસેકમ ૫૦ ટકા નિવાસી પ્રતિનિધિઓ રહેશે.

સી. બોમ્બે સેન્ટ્રલ રેલવે સ્ટેશન નજીક ઓલિમ્પિક આકારનો સ્વિમિંગ પૂલ અને જિમ સાથે વિશાળ બગીચો બનાવવો.

ડી. પ્રિયદર્શની પાર્ક ખાતે ઓલિમ્પિક આકારનો સ્વિમિંગ પૂલ બનાવવો.

ઇ. બેન્ડસ્ટેન્ડ ચોપાટીને સાફ અને ઘોંઘાટમુક્ત બનાવવી, જેથી રહિવાસીઓ સમુદ્રના સંગીતને માણી શકે.

એફ. વસંતરાવ નાઇક ઉદ્યાન (તારદેવ)ને આગામી ૧૨ મહિનામાં વિશ્વ કક્ષાના રમતના મેદાનમાં ફેરવવું.



આપનો બહુમૂલ્ય મત ભાજપને જ આપશોજી
3 | Mangal Prabhat Lodha

# મહારાષ્ટ્રમાંથી ભાજપની સક્ષમ આગેવાની



શ્રી નીતિન ગડકરી



શ્રી દેવેંદ્ર ફડણવીસ



શ્રી એકનાથ ખડસે



શ્રી વિનોદ તાવડે



શ્રી સુધીર મુનગંટીવાર



શ્રીમતી પંકજા મુંડે

**કૃપયા ૧૫ ઓક્ટોબહના રોજ અચૂક મતદાન કરશો અને**
**મંગલ પ્રભાત લોઢાને જ વિજયી બનાવો.**

| | |
|---|---|
| 3 | Mangal Prabhat Lodha |

**To know more, log on to mangalprabhatlodha.com or**

**facebook.com/MPLodha or to @MPLodha**

Printer: Jagruti Publisher: Prashant Dani. Qty: 20000